PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

| પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૬૪૩-૪ | તારીખ: ૧૯-૦૫-૨૦૨૩ |
|---|---|

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી ચુનીલાલ પરસોતમભાઇ પાટડીયા
લલુડી હોકરી, રામાપીરના મંદિર પાસે, જે.પી.પાન ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૨
મોબાઈલ : ૯૯૯૮૪૩૫૮૦૪

વિષય : લાઈટ બીલમાં ઉજાલા લેમ્પના ચાર્જ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મીલપરા રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૯/ક્વા-૪/૨૨-૨૩/** 1583-7 **તા.** ૨૯.૦૫.૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**નોંધણી નંબર -૨૯/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૭-૦૩-૨૦૨૩**

અરજદાર : શ્રી ચુનીલાલ પરસોતમભાઈ પાટડીયા, મુ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી ચુનીલાલ પરસોતમભાઈ પાટડીયા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧

રજૂઆત કરનાર :શ્રી બી. સી. રાઠોડ, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી કે.સી.પારેખ નાયબ અધિક્ષક હિસાબનીશ પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે સીનીયર એન્જીનીયરશ્રી દર્શન વોરા હાજર રહેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**:: કોરમ ::**

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૧૩.૦૪.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૪.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ચુનીલાલ પરસોતમભાઇ પાટડીયા ગ્રાહક નં. ૩૧૨૦૨/૦૨૪૪૧/૬ થી ૦.૫ કિ.વો. નુ ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. અરજદાર દ્વારા ઉજાલા લેમ્પ નીચે મુજબ રોકડથી લીધેલ હતા.

| ક્રમ | તારીખ | લેમ્પ ચાર્જ | લેમ્પની સંખ્યા | ટોટલ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૨૯.૦૭.૧૬ | ૭૦ | ૧૦ | ૭૦૦ |
| ૨ | ૧૫.૧૦.૧૬ | ૭૦ | ૨ | ૧૪૦ |
| ૩ | ૨૨.૦૧.૧૭ | ૬૫ | ૩ | ૧૯૫ |

પરંતુ પીજીવીસીએલ દ્વારા વીજબીલ માહે ડીસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૯ થી માહે એપ્રિલ-મે-૨૦૨૦ સુધી એમ કુલ ૦૮ (આઠ) વીજબિલમાં ઉજાલા લેમ્પની હપ્તાની રકમ રૂ.૨૬૭૬=૭૧ આવેલ છે. જે રકમ હવે પછીના બીલમાં પરત કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી મીલપરા પેટા વિભાગના ગ્રાહક ચુનીલાલ પરષોતમભાઇ પાટડીયા, ગ્રાહક નં.૩૧૨૦૨/૦૨૪૪૧/૬ ઘરવપરાશનાં કનેક્શનમાં માહે ડીસે-જાન્યુ-૨૦૧૯ થી એપ્રિલ-મે-૨૦૨૦ સુધીના વીજબીલમાં કુલ રૂ.૨૬૭૬=૭૧ ઉજાલા લેમ્પનો ચાર્જ તરીકે બાકી રકમ ચડત આવેલ હતી જે રકમ પરત મેળવવા અરજદાર દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૧ ગ્રાહકનું લેજર રીપોર્ટ તપાસતા સદર ગ્રાહકમાં માહે ફેબ્રુ-માર્ચ-૨૦૨૦ સુધી જ ઉજાલા ચાર્જ કપાત થયેલ છે અને તેની રકમ રૂ.૨૧૦=૦૦ છે આમ કુલ રકમ રૂ.૨૬૦૦=૦૪ થાય છે. અગાઉ અરજદારે સબડીવીઝનમાં લેખીત તા.૧૯.૦૬.૨૦૨૦ ના રોજ રોકડેથી ખરીદ કરેલ ઉજાલા લેમ્પ અને પંખાની પહોચ સાથે અરજી આપતા બીલીગ સિસ્ટમમાં આ અંગે જરૂરી પ્રોસેસ પુર્ણ કરેલ અને તેથી એપ્રિલ-મે-૨૦૨૦ ના બીલીગથી ઉજાલા ચાર્જ બંધ થયેલ છે.

૩.૨ સદર બાબતે જણાવવાનું કે, ઉજાલા ચાર્જની ગ્રાહક ખાતે ડેબીટ થયેલ રકમ બીલમાં જમાં આપવા બાબતે અત્રેની કચેરી દ્વારા પત્ર નંબર આરસીડી-૧/રેવ/૧૯૮૪ તા.૨૫.૦૬.૨૦૨૦ ના રોજ ઉપલી કચેરીને જાણ કરવામાં આવેલ છે પરંતુ સદર બાબતે ઉપલી કચેરી દ્વારા કોઈ સુચના મળેલ નથી.

## :: ઈ.ઈ.એસ.એલ.ની રજૂઆત ::

અરજદારની ફરિયાદ અન્વયે EESL દ્વારા પત્ર નં – ૦૨ તા.૧૦-૦૪-૨૦૨૩ થી જણાવેલ કે ગ્રાહક નંબર-૩૧૨૦૨/૦૨૪૪૧/૬ અન્વયે ઉજાલા એપ્લાયન્સીસ હપ્તેથી ખરીદ કરાયેલ છે જે અંતર્ગત EESL કંપની દ્વારા કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્રક (ડેબીટ બીલ) રજુ કરેલ છે, જેમાં ખરીદનારનું નામ પાટડીયા ચુનીભાઈ અને સહીમાં ચુનીભાઈ પરસોતમભાઈ છે, તેમજ સદર ડેબીટબીલમા ગ્રાહક નં ૩૧૨૦૨૦૨૪૪૧૬ જણાય છે, તેમજ તેમાં ઉજાલા એપ્લાયન્સીસની ખરીદી નીચે મુજબ છે.

| તારીખ | ૨૦ વોલ્ટ એલ.ઈ.ડી. ટ્યુબ લાઈટ | કિંમત | ટોટલ રૂ. |
|---|---|---|---|
| અવાચ્ય | ૪ નંગ (EMI દ્વારા) | ૨૩૦ | ૯૨૦ |

જેમાં અરજદારના મોબાઈલ નં અવાચ્ય છે તેમજ અરજદારનું માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૭નું વીજબીલ તા.૨૧.૦૩.૨૦૧૭ ની નકલ અને આધારકાર્ડની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૫.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને ઈ.ઈ.એસ.એલ.ની રજૂઆત તેમજ રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબ નિર્ણય કરાયેલ છે.

૫.૧ અરજદારશ્રી ચુનીલાલ પરસોતમભાઇ પાટડીયા ગ્રાહક નં. ૩૧૨૦૨/૦૨૪૪૧/૬ થી ૦.૫ કિ.વો. નુ ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. અરજદાર દ્વારા ઉજાલા લેમ્પ નીચે મુજબ રોકડથી લીધેલ હતા.

| ક્રમ | તારીખ | લેમ્પ ચાર્જ | લેમ્પની સંખ્યા | ટોટલ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૨૯.૦૭.૨૦૧૬ | ૭૦ | ૧૦ | ૭૦૦ |
| ૨ | ૧૫.૧૦.૨૦૧૬ | ૭૦ | ૦૨ | ૧૪૦ |
| 3 | ૨૨.૦૧.૨૦૧૭ | ૬૫ | 3 | ૧૯૫ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૫.૨ અરજદારની રજૂઆત મુજબ અરજદારના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે મુજબના ઉજાલા એપ્લાયન્સીસનો ચાર્જ આકારણી કરાયેલ છે.

| Sr. No. | BILING PERIOD | UJALA CHARGE |
|---|---|---|
| 1 | DEC,JAN,19 BIL FEB,19 | 363.34 |
| 2 | FEB,MAR,19 BIL APR,19 | 363.34 |
| 3 | APR,MAY,19 BIL JUN,19 | 363.34 |
| 4 | JUN,JUL,19 BIL AUG,19 | 363.34 |
| 5 | AUG,SEP,19 BIL OCT,19 | 363.34 |
| 6 | OCT,NOV,19 BIL DEC,19 | 286.67 |
| 7 | DEC,JAN,20 BIL FEB,20 | 286.67 |
| 8 | FEB,MAR,20 BIL APR,20 | 210.00 |
| | Total | 2600.04 |

૫.૩ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરેલ રજૂઆત મુદ્દા નં. ૩.0 મુજબ અરજદારના ઉજાલા એપ્લાયન્સીસની હપ્તેથી કરેલ ખરીદી અન્વયે ગ્રાહક નં- ૩૧૨૦૨/૦૨૪૪૧/૬ ના વીજબીલમાં માહે ડીસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૯ થી માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ સુધીમાં કુલ રૂ.૨૬૦૦=૦૪ આકારણી કરેલ છે. સદર બાબતે અરજદારની અરજીના આધારે પીજીવીસીએલની નિગમિત કચેરીની ગાઈડલાઈન્સ મુજબ વીજબીલમાં ઉજાલા ચાર્જ ન આવે તે બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સીસ્ટમમાં ઈ-ઉર્જા સીસ્ટમમાં રજીસ્ટ્રેશન કરેલ છે.

૫.૪ EESL દ્વારા રજૂ કરવામાં આવેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) અવાચ્ય તારીખનું છે જેમાં ગ્રાહક નં- ૩૧૨૦૨/૦૨૪૪૧/૬ નોંધાયેલ છે. તેમજ ૦૪ નંગ ૨૦ વોટની એલ.ઈ.ડી. ટ્યુબ લાઈટ રૂ.૨૩૦/- લેખે રૂ.૯૨૦/- થી ઈ.એમ.આઈ. દ્વારા ખરીદેલ હોય તેમ બતાવેલ છે. સદર કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) માં ગ્રાહકનું નામ: પાટડીયા ચુનીભાઈ, મોબાઈલ નંબર અવાચ્ય છે. જે તેમજ સદર કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) સહીમાં ચુનીભાઈ પરસોતમભાઈ છે.

૫.૫ ઉપરોક્ત મુદ્દા નં ૫.૦ થી ૫.૪ મુજબની વિગતે, અરજદારના બિલીંગ એકાઉન્ટમાં ઉજાલા એપ્લાયન્સીસના રૂ.૯૨૦/- ની રકમ વસુલવા પાત્ર છે, અરજદારની રજૂઆત મુજબ માહે ડીસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૯ થી માહે એપ્રિલ-મે-૨૦૨૦ સુધી એમ કુલ ૦૮ (આઠ) વીજબિલમાં ઉજાલા લેમ્પની હપ્તાની રકમ રૂ.૨૬૭૬=૭૧ ઉધારેલ છે, જ્યારે અરજદારના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ માહે ડીસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૯ થી માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ સુધીના ૦૮ (આઠ) વીજબિલમાં ઉજાલા એપ્લાયન્સીસનો કુલ ચાર્જ રૂ.૨૬૦૦=૦૪ ઉધારેલ છે, જેથી ઉજાલા એપ્લાયન્સીસની વધુ વસુલાયેલ રકમ રૂ.૧૬૮૦.૦૪ (રૂ.૨૬૦૦=૦૪ - રૂ.૯૨૦) અરજદારના બિલીંગ ખાતામાં દિવસ-૩૦ માં જમા આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૫.૬ ઉપરોક્ત મુદ્દા નં ૫.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(એન.એચ.જોષી) (એન.જી.કારીયા) (એન.સી.મકવાણા)

સભ્ય (સ્વતંત્ર) સભ્ય (ટેકનીકલ) ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"